# ડીસા પંથકમાં ઠંડીનું જોર વધ્યું, વાઈરલ બિમારીઓનો ઉપદ્રવ

ડીસા, તા. ૨૬

ડીસા સહિત સમગ્ર રાજયમાં ધીમે ધીમે ઠંડીએ જોર પકડ્યું છે. હિમાલય પ્રદેશમાં હિમવર્ષાના કારણે હાલમાં ઠંડીનું જોર વધ્યું છે, હવામાન વિભાગ દ્વારા આગામી બે દિવસમાં સાથે ઠંડા પવનો ફૂંકાતા સમગ્ર વાતાવરણ ઠંડુગાર બની ચૂક્યું છે ત્યારે ગુરુવારે તાપમાનનો પારો ૧૬ ડિગ્રીએ નોંધાયો હતો અને હવામાન વિભાગ દ્વારા આગામી બે દિવસમાં ઠંડીમાં બે થી ત્રણ ડિગ્રી ઘટાડો થવાની પણ આગાહી કરવામાં આવી છે,



તાપમાનનો પારો બે થી ત્રણ ડિગ્રી ગગડવા સાથે ઠંડી વધવાની પણ આગાહી કરી છે.

બનાસકાંઠા જિલ્લાના ડીસામાં ગરમી અને ઠંડી રેકોર્ડબ્રેક પડે છે, ત્યારે ચાલુ વર્ષે મોડી મોડી આવેલી ઠંડી ધીરે ધીરે જોર પકડી રહી છે. ડીસા પંથકમાં છેલ્લા બે દિવસથી વાતાવરણમાં પલટો આવ્યો છે. સતત પવન ફૂંકાવા સાથે ઠંડીમાં પણ વધારો થઈ રહ્યો છે. હિમાલય વિસ્તારમાં સતત થઈ રહેલી હિમવર્ષાના પગલે બનાસકાંઠા સહિત ઉત્તર ગુજરાતના અનેક વિસ્તારોમાં પણ ઠંડીનો પ્રકોપ વધી રહ્યો છે. સતત પવનની ગતિ વધવા જોકે ઠંડીના કારણે વાયરલ ફીવરના કેસોમાં પણ સતત વધારો થવા પામ્યો છે.

ડીસા પંથકમાં પ્રથમ તબક્કામાં ઠંડીનું જોર વધવા સાથે જ સરકારી અને ખાનગી હોસ્પિટલો તાવ, શરદી, ખાંસીના દર્દીઓથી ઉભરાઈ રહી છે. હાલમાં ડીસાની સિવિલ હોસ્પિટલમાં દરરોજના ૩૦૦ જેટલા દર્દીઓ સારવાર લેવા માટે આવી રહ્યા છે. સમગ્ર ગુજરાતમાં નલિયા બાદ ડીસામાં રેકોર્ડ બ્રેક ઠંડી પડે છે અને તેને લઈને પંથકમાં વાઈરલ બીમારીઓનો ઉપદ્રવ પણ વધવા પામ્યો છે.

# ભિલોડા, શામળાજી, રામનગર પંથકમાં કમોસમી માવઠું

ભિલોડા,તા.૨૬

ગ્લોબલ વોર્મિંગની વિપરીત અસરો વર્તાતા ભરશિયાળે વાદળછાયું વાતાવરણ સર્જાયા બાદ કમોસમી વરસાદ વરસતા ખેડુતો અને પ્રજાજનો ચિંતિત છે. અરવલ્લી જીલ્લા સહિત ભિલોડા તાલુકામાં વહેલી સવારે વાતાવરણમાં એકાએક પલટો આવ્યો હતો. શિયાળાની ફુલગુલાબી ઠંડીના માહોલ વચ્ચે વાદળછાયું વાતાવરણ સર્જાયા બાદ કમોસમી વરસાદ વરસતા જનજીવન પ્રભાવિત થયું હતું.

ભિલોડા, શામળાજી, રામનગર, વેજપુર, મલેકપુર પંથકમાં કમોસમી માવઠું થયેલ હોઈ ખેડુતો ચિંતાતુર છે.



શિયાળાની ઋતુ દરમ્યાન આગામી દિવસોમાં કાતીલ તીવ્ર ઠંડીનો ચમકારો વધશે તેવા એંધાણ વર્તાઈ રહ્યા છે. વાતાવરણમાં એકાએક બદલાવ આવતા ઋતુજન્ય બિમારી વધશે તેવી દહેશત સેવાઈ રહી છે. છેલ્લા કેટલાક દિવસોથી ઠંડીમાં એકાએક વધારો થયેલ હોઈ ત્યારે વાઈરલ બિમારીઓનું પ્રમાણ વધ્યું છે. દિવાળીના તહેવાર બાદ ગ્રામ્ય વિસ્તારોમાં કોરોના વાઈરસનું સંક્રમણ દિન-પ્રતિ-દિન વધતા પ્રજાજનોની ચિંતામાં ઔર વધારો થયો છે. ઠંડીના ચમકારા સાથે આકાશમાં વાદળો ગોરંભાતા હોઈ પરંતુ વાદળો હટશે ત્યારે આગામી દિવસોમાં ઠંડીનો ચમકારો ઔર વધશે તેવા એંધાણ વર્તાઈ રહ્યા છે.





અરવલ્લી જિલ્લાના મુખ્ય મથક મોડાસા ખાતે દેશના મોટા પાંચ કામદાર યુનિયનનો અને ખેડૂત સંગઠનો દ્વારા રાષ્ટ્ર વ્યાપી આમ હડતાલના સમર્થનમાં રેલીનુ આયોજન કરવામાં આવ્યું હતું. રેલીની મંજૂરી આપવામાં આવી નહોતી તેમ છતાં રેલી કાઢી દેખાવો ચાર રસ્તા પાસે કરવામાં આવ્યા હતા. ત્યારે ૫૦ કાર્યકરોની ધરપકડ કરવામાં આવી હતી. સીઆઈટીયુ અને કિસાન સભાના નેજા નીચે આ કાર્યક્રમ યોજાયો હતો. સીટુ ના મહામંત્રી ડી.આર. જાદવ અને કિસાન સભાના પ્રમુખ ભલાભાઈ ખાંટની આગેવાનીમાં કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો જેમાં છગનભાઈ ભગોરા, સાંજાભાઈ ડામોર, નટુભાઈ ડામોર, આંગણવાડી યુનીયનના મીનાબેન કડીયા, રમીલાબેન ખાસ હાજર રહ્યા હતા.

## વેટરનરી કોલેજ, દાંતીવાડા દ્વારા ભારતીય બંધારણ દિવસની ઉજવણી

પશુચિકિત્સા અને પશુપાલન મહાવિદ્યાલય, સરદારકૃષિનગર ના દ્રજીજી વિભાગ દ્વારા ૨૬ નવેમ્બર, ૨૦૨૦ ના રોજ કોલેજ ખાતે ભારતીય બંધારણ દિવસની ઉજવણી કરવામાં આવી. આ પ્રસંગે કોલેજના પ્રધ્યાપકોએ સરકારશ્રીના કોરોના મારામારીના તમામ નિયમોનું પાલન કરી, ઉત્સાહભેર કાર્યક્રમમાં ભાગ લીધો હતો. કાર્યક્રમની પ્રસ્થાવનામાં એસઆરસી, ચેરમેન ડો. સી. એફ. ચૌધરીએ બંધારણના મૂલ્યોને પ્રોત્સાહન આપવા આહ્વાન કર્યું હતુ. કોલેજના આચાર્ય શ્રીમાન ડો. ડી. વી. જોશીએ તેમની વાતોમાં રાષ્ટ્રીય બંધારણ દિવસની ઉજવણી, તેની પાછળનો ઈતિહાસ તેમજ બંધારણની પ્રસ્તાવનાનું મહત્વ સમજાવ્યું હતું. એલ.પી.એમ. વિભાગના સહાયક પ્રોફેસર ડો. શ્રીવાસ્ત્વાએ બંધારણની પ્રસ્તાવના વાંચી સંભળાવી હતી. ત્યારબાદ બધાએ આ પર્વની ઉજવણી નિમિતે ભારતના નાગરિકોની મૂળભૂત ફરજોની પ્રતિજ્ઞા પણ લીધી હતી.

# મોડાસામાં વહીવટીતંત્ર અને પોલીસતંત્ર રોડ પર ઉતર્યું

### માસ્ક-અપ અભિયાન હેઠળ વેપારીઓ ધંધાર્થીઓને દંડ ફટકાર્યો, લોકોને મફત માસ્ક આપ્યા

મોડાસા, તા. ૨૬

અરવલ્લી જીલ્લામાં કોરોનાનું સંક્રમણ વધવાની સાથે મૃત્યુઆંક પણ સતત વધી રહ્યો છે. કોરોનાનું સંક્રમણ અટકાવવા તંત્ર સમયમાં કોરોના બૉમ્બ વિસ્ફોટ થવાની ભીતી સેવાઈ રહી છે, ત્યારે અરવલ્લી જીલ્લા વહીવટીતંત્ર અને પોલીસતંત્રએ માસ્ક-અપ અભિયાન હાથ ધરી ફૂટમાર્ક યોજી ગઢવી, ટાઉન પીઆઈ સી.પી. વાઘેલા સહીત તેમની ટીમે મોડાસા શહેરના વિવિધ વિસ્તારોમાં કોરોના સંક્રમણ અંગે જનજાગૃતિ અભિયાન હેઠળ કરતા વેપારીઓ અને ફેરિયાઓએ દંડાત્મક કાર્યવાહીથી બચવા અનેક બહાના બનાવ્યા હતા અને આજીજી કરતા નજરે પડ્યા હતા





સજ્જ બન્યું છે. કોરોનાનું હોટસ્પોટ બનેલ મોડાસા શહેરમાં મોટા ભાગના વેપારીઓ-ધંધાર્થીઓ અને ફેરિયાઓ અને લોકો માસ્ક પહેરતા ન હોવાની સાથે સોશ્યલ ડિસ્ટન્સ પણ જાળવતા ન હોવાથી આગામી

હતી અને માસ્ક પહેર્યા વગર ધંધો કરતા વેપારીઓ અને ફેરિયાઓને દંડ ફટકારવાની સાથે લોકોને મફત માસ્ક વિતરણ કરવાની સાથે માસ્ક ફરજીયાત પહેરવા અને સોશ્યલ ડિસ્ટન્સ જાળવવા અપીલ કરી હતી.

મોડાસા શહેરમાં કોરોનાનું સંક્રમણ વધતા વહીવટીતંત્ર અને પોલીસતંત્ર સાબદું થયું છે. મોડાસા પ્રાંત અધિકારી મયંક પટેલ, મામલતદાર અરૂણદાન ફૂટમાર્ક યોજી હતી તેમજ શહેરમાં માસ્ક વગર ધંધો કરતા અને ભીડ એકઠી કરતા વેપારીઓ સામે લાલ આંખ કરી દંડાત્મક કાર્યવાહી કરી માસ્ક વગરના લોકોને માસ્કનું મફત વિતરણ કર્યું હતું. મોડાસા શહેરમાં વહીવટીતંત્ર અને પોલીસતંત્રની સરકારી ગાડીઓ સાથેના કાફલાએ લોકોમાં કુતુહુલ સર્જ્યું હતું. માસ્ક વગર બિન્દાસ્ત ધંધો ત્યારે વહીવટીતંત્ર અને પોલીસતંત્રની કામગીરીને લોકોએ આવકારી હતી.

વહીવટીતંત્ર અને પોલીસતંત્રની માસ્ક અપ અભિયાન હેઠળની કામગીરીથી રોડ પર અડિંગો જમાવી બેઠેલા ફેરિયાઓમાં ભારે ભાગદોડ મચી હતી. મોડાસા શહેરમાં ફેરિયાઓ માસ્ક પહેરતા ન હોવાથી સુપર સ્પ્રેડર બની શકે છે.

# બનાસકાંઠા જિલ્લામાં વધુ ૩૩ કેસ

### બનાસકાંઠા જિલ્લામાં સંક્રમણ જારી છે. જિલ્લામાંથી ૧૫૩૮ સેમ્પલ લેવાયા હતા તે પૈકી ૩૩ દર્દીઓ કોરોનાથી સંક્રમિત થયા હોવાનું સામે આવ્યું : વાવના આધેડનું મોત

પાલનપુર

બનાસકાંઠા જિલ્લામાં સંક્રમણ જારી છે. જિલ્લામાંથી ૧૫૩૮ સેમ્પલ લેવાયા હતા તે પૈકી ૩૩ દર્દીઓ કોરોનાથી સંક્રમિત થયા હોવાનું સામે આવ્યું છે. આ ઉપરાંત પાલનપુર સિવિલમાં સારવાર હેઠળ વાવના એક આધેડનું સારવાર દરમિયાન મોત નિપજ્યું છે.

જિલ્લા આરોગ્ય વિભાગે સામુહિક આરોગ્ય કેન્દ્ર વાઈઝ એન્ટીજન રેપિડ કીટ દ્વારા સેમ્પલ લેવાની કાર્યવાહી વધારી છે. એન્ટીજન રેપિડ કિટના ૧૫ ૮૫ સેમ્પલ ૧૪ તાલુકામાંથી લેવાયા હતા જે પૈકી ૨૬ પોઝિટિવ આવ્યા છે. ૧૪ તાલુકા પૈકી દાંતીવાડા તાલુકાના ગુંદરી ચેકપોસ્ટ અને અમીરગઢ ની ચેકપોસ્ટ પર પણ બીજા દિવસે સેમ્પલ લેવાની કાર્યવાહી કરવામાં આવી હતી. મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડોક્ટર મનીષ ફેન્સી એ જણાવ્યું હતું કે પાલનપુર અને ડીસા કોવિડ હોસ્પિટલ માં આઠ સેમ્પલ પૈકી ૫ પોઝિટિવ આવ્યા હતા જ્યારે પ્રાઈવેટ લેબમાં મોકલેલા બે સેમ્પલ પૈકી બંને પોઝિટિવ આવ્યા હતા આમ કુલ ૧૫૦૩૮ સેમ્પલ પૈકી ૩૩ દર્દીઓ પોઝિટિવ આવ્યા છે.

"પાલનપુર સિવિલના સિવિલ સર્જન ડો. ભરત મિસ્ત્રીએ જણાવ્યું હતું કે "પાલનપુર સિવિલ હોસ્પિટલમાં ૨૧ દર્દીઓ ઓક્સિજન પર છે જ્યારે બે દર્દીઓ બાયપેપ પર છે. જ્યારે વાવ તાલુકાના પઢાર ગામના ૫૫ વર્ષીય આધેડનું મોત નિપજ્યું છે."

## બેંકોના ખાનગીકરણના વિરોધમાં હિંમતનગરની બેંકોમાં હડતાલ

### બેંકના ખાતેદારોને મુશ્કેલી, ૭૦ કરોડથી વધુનું ક્લીયરીંગ અટક્યુ

હિંમતનગર, તા.૨૬

કેન્દ્ર સરકાર ધ્વારા રાષ્ટ્રીયકૃત બેંકોની જેમ મોટા ઉધોગ ગૃહોને બેંકો ચાલુ કરવા માટેના પરવાના આપવાની જાહેરાત કરાઈ છે. જેના લીધે અનેક રાષ્ટ્રીયકૃત બેંકોના કર્મચારીઓના માથે લટકતી તલવાર આવી હોય તેમ મનાઈ રહ્યુ છે ત્યારે નેશનલ બેંકર્સ યુનીયનના નેજા હેઠળ કેન્દ્ર સરકારના નિર્ણયના વિરોધમાં ગુરૂવારે બેંકોની હડતાલનું એલાન કરાયુ હતું. જેના ભાગરૂપે હિંમતનગરની અનેક રાષ્ટ્રીયકૃત બેંકોનું કામકાજ બંધ રહ્યુ હતું. જેના લીધે બેંકના ખાતેદારોને અગવડ પડી હતી. તથા અંદાજે રૂ. ૭૦ કરોડથી વધુનું ક્લીયરીંગ અટકી ગયુ હોવાનું મનાઈ રહ્યુ છે.

આ અંગે મળતી માહિતી મુજબ ગુરૂવારે બેંકોની હડતાલ હોવાને કારણે હિંમતનગર સ્થિત તથા રાષ્ટ્રીયકૃત ગણાતી અલ્હાબાદ બેંક, સેન્ટ્રલ બેંક, બેંક ઓફ બરોડા સહિત અન્ય બેંકોના કર્મચારીઓ તેમની કામગીરીથી અળગા રહ્યા હતા. જેના લીધે દિવસ દરમિયાન બેંકીંગ કામ માટે આવતા ખાતેદારોને મુશ્કેલી વેઠવી પડી હતી.

જોકે બેંકોની આ હડતાલને લીધે સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયાની શાખાઓમાં કામકાજ ચાલુ હોવાને કારણે કેટલાક ખાતેદારોએ તે બેંકની શાખાનો ઉપયોગ કરીને બેંકીંગ કામગીરી નીપટાવી લીધી હતી. સાથોસાથ સહકારી બેંકોના કર્મચારીઓ આ હડતાલથી વેગળા રહ્યા હતા. જેના લીધે ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારોમાં બેંકોની હડતાલની અસર જોવા મળી ન હતી.

## સાબરકાંઠા વાસીઓ હવે તો જાગો, નહી તો જીંદગીથી હાથ ધોવા પડશે

### એક જ દિવસમાં ૨૦ કેસ નોધાયા : કુલ આંકડો ૧૪૯૩ થઈ ગયો : તંત્રના પ્રયાસો છતા પ્રજા કોરોનાની ગંભીરતા સમજતી નથી

હિંમતનગર, તા.૨૬

દિવાળી બાદ કોરોનાએ સાબરકાંઠા જિલ્લાને અમદાવાદ, સુરત અને રાજકોટની હરોળમાં લાવવા માટે જોરદાર તેજ ગતિ ચલાવી છે ત્યારે ગુરૂવારે એક જ દિવસમાં સાબરકાંઠા જિલ્લામાં કોરોના પોઝેટીવના નવા ૨૦ કેસ નોધાયા છે. જેથી જિલ્લા વાસીઓએ હવે તો રોગની ગંભીતા સમજીને જાગવાની જરૂર છે. નહી તો અનેક લોકોને જીંદગીથી હાથ ધોવાનો વારો આવે તો નવાઈ નહી. અત્યાર સુધીમાં જિલ્લામાં કોરોના પોઝેટીવનો કુલ આંક ૧૪૯૩ થઈ ગયો છે. જે ખરેખર ચિંતા ઉપજાવે છે. તેમ છતા લોકોને કશી પડી ના હોય તેમ હરે ફરે છે.

આરોગ્ય વિભાગના જણાવાયા મુજબ ગુરૂવારે જે નવા ૨૦ કેસ નોધાયા છે તેમાં હિંમતનગર શહેર અને તાલુકામાં આઠ કેસ પ્રકાશમાં આવ્યા છે. જે પૈકી હિંમતનગરની સાંપ્રત સોસાયટીમાં ૫૩ વર્ષિય પુરૂષ, શિવરંજનીમાં ૬૩ વર્ષિય પુરૂષ, સ્વર્ણીમ બંગ્લોઝમાં ૪૦ વર્ષિય પુરૂષ, મહાવીરનગર સોસાયટીમાં ૨૧ વર્ષિય પુરૂષ, અનંત વિહારમાં ૪૮ વર્ષિય પુરૂષ, વિરાટનગરમાં ૧૮ વર્ષિય મહિલા, ગાયત્રીનગરમાં ૪૦ વર્ષીય મહિલા અને તાલુકાના ઈલોલ ગામમાં ૪૨ વર્ષિય મહિલા કોરોનાનો શિકાર બન્યા છે.

ઈડરની વાત કરીએ તો તાલુકાના વેરાબર ગામમાં ૬૯ વર્ષિય પુરૂષ, અરોડામાં ૨૯ વર્ષિય પુરૂષ તથા ઈડરમાં રહેતી ૪૦ વર્ષિય મહિલા પણ કોરોનામાં સપડાયા છે. સાથોસાથ પ્રાંતિજના શિવમ બંગ્લોઝમાં ૫૧ વર્ષિય મહિલા, વણજારા વાસમાં ૩૦ વર્ષિય પુરૂષ, માર્કેટયાર્ડ પાસે રહેતા ૫૫ વર્ષિય પુરૂષ અને પ્રાંતિજના મધ્યમાં આવેલ લાલદરવાજા વિસ્તારમાં રહેતા ૫૨ વર્ષિય મહિલા, વડાલીના સંજેલી કંપામાં ૪૮ વર્ષિય પુરૂષ પણ કોરોનાની ઝપેટે ચઢી ગયા છે.

સાથોસાથ ખેડબ્રહ્મા તાલુકાના ગઢડા શામણાજી ગામમાં ૩૦ વર્ષિય પુરૂષ, વિજયનગર તાલુકાના પરવઠ ગામના ૫૫ વર્ષિય પુરૂષ, મોવતપુરાના ૩૪ વર્ષિય પુરૂષ સહિત તલોદ તાલુકાના મોઢુકા ગામના ૪૦ વર્ષિય પુરૂષનો કોરોના રીપોર્ટ પોઝેટીવ આવ્યો છે. આમ જિલ્લામાં અત્યાર સુધી કોરોના પોઝેટીવનો કુલ આંક ૧૪૯૩ થઈ ગયો છે.

## લાલ વાવટા જનરલ વર્કર્સ યુનિયને રાષ્ટ્રવ્યાપી હડતાળના સમર્થનમાં મોડાસા શહેરમાં રેલી યોજી

### પોલીસે ૪૦ જેટલા કાર્યકર્તાઓની અટકાયત કરી

કેન્દ્ર સરકાર બેંકોના વિલીનીકરણ દ્વારા હાલના કર્મચારીઓ પર કામનો બોજ વધારી રહી હોવાની સાથે કેન્દ્ર સરકારે કેટલાક લેબર લૉમાં કરેલા ઈન્સુરન્સ એસોસિએશની રાષ્ટ્રવાપી હડતાળના સમર્થનમાં મોડાસા શહેરમાં લાલ વાવટા જનરલ વર્કર્સ યુનિયને સમર્થન જાહેર કરી કેન્દ્ર સરકાર સામે વિરોધ વાવટા જનરલ વર્કર્સ યુનિયન એસોસિએશનના અગ્રણી ડાહ્યાભાઈ જાદવની આગેવાની હેઠળ એસોસિએશનના સદસ્યોએ બસ સ્ટેન્ડથી ચાર રસ્તા





ફેરફારો કર્મચારી વિરોધી હતા એટલે એનો અમે વિરોધ કરીએ છીએ. લેબર લૉના આ સુધારા સરકારે રદ કરી દેવા જોઈએ. નવા લેબર લૉ કોર્પોરેટ હિતમાં છે કર્મચારીઓના હિતમાં નથી અને આ કાયદા સામે અમને કોઈ પ્રકારનું રક્ષણ મળતું હોવાનું જણાવી ઓલ ઈન્ડિયાના બેંક અને

મોડાસા શહેરમાં લાલ સુધી રેલી યોજી સરકારી સાહસોનું ખાનગીકરણ બંધ કરવા, તાજેતરમાં લવાયેલ કૃષિ બિલ રદ કરવા અને સહિતની માંગો સાથે કેન્દ્ર સરકાર વિરુદ્ધ બેનર પ્રદર્શિત કરી સૂત્રોચ્ચાર કરતા ટાઉન પોલીસે તમામ કાર્યકર્તાઓની અટકાયત કરી ટાઉન પોલીસ સ્ટેશન લઈ જવામાં આવ્યા હતા.

પ્રદર્શન કરી રેલી યોજતા ટાઉન પોલીસે ૩ મહિલા કાર્યકર્તા સાથે ૪૦ જેટલા લોકોની અટકાયત કરી હતી. ટાઉન પોલીસે મહિલા પોલીસ કર્મીઓ વગર મહિલાઓની અટકાયત કરી હોવાનો આક્ષેપ લાલ વાવટાના કાર્યકરોએ કરી હતી.

# હિંમતનગરમાં સ્વૈચ્છિક બંધનું ખોટુ અર્થઘટન થયુ

### વેપારીઓએ ચારને બદલે પાંચ વાગ્યા પછી દુકાનો બંધ કરી : પોલીસે માસ્ક વગરના લોકોને દંડ ફટકારવાનું શરૂ કર્યું

હિંમતનગર સહિત જિલ્લામાં કોરોના પોઝેટીવનો આંક દિવસ કરતા રાત્રે અનેક ગણો વધી રહ્યો છે ત્યારે બ્રુધવારે વેપારી એસોસીએશન ધ્વારા ગુરૂવાર તા.૨૦ નવેમ્બરથી ૧૦ ડીસેમ્બર સુધી બજારોનો સમય ચાર વાગ્યા સુધીનો રાખવાનું સ્વૈચ્છિક રીતે નક્કી કર્યું હતું. અને લોકજાગૃતિ કેળવાય તે માટે શહેરના વિવિધ વસ્તારોમાં બપોરથી તે અંગે જાણકારી આપવામાં આવી હતી. મોટાભાગના બજારોમાં સમય બાબતે ખોટુ અર્થઘટન કરીને ધંધા રોજગાર પાંચ વાગ્યા સુધી ચાલુ રાખ્યા હતા. જોકે બજારમાં ગ્રાહકો ન હોવા છતા વેપારીઓ બેસી રહ્યા હતા.

કોરોનાની વાત કરીએ તો સાબરકાંઠા જિલ્લામાં પોઝેટીવ કેસની સંખ્યામાં હિંમતનગર શહેર અને તાલુકો અવ્વલ નંબરે હોવાથી શહેરીજનો અને તંત્રમાં ચિંતા ઉપજે તે સ્વાભાવિક છે. જેથી શહેરના વિવિધ વેપારી એસોસીએશનો ધ્વારા બુધવારે ધારાસભ્ય તથા ચીફઓફીસર અને પાલિકા પ્રમુખની ઉપસ્થિતીમાં બોલાવાયેલી બેઠકમાં ચર્ચા થયા બાદ સ્વૈચ્છિક રીતે તા.૨૬ નવેમ્બરથી ૧૦ ડીસેમ્બર સુધી હિંમતનગરના બજારો બપોરે ચાર વાગ્યા સુધી ચાલુ રાખવાનો નિર્ણય લેવાયો હતો. જોકે આ બેઠકમાં કેટલાક વેપારીઓએ સમય બાબતે થોડી વધુ છુટછાટ મળવી જોઈએ તેવી લાગણી વ્યક્ત કરી હતી જોકે તે પાછળનું કારણ લગ્નગાળો હોવાનું ચચાયુ હતું. તેમ છતા આખરે બજારો ચાર વાગ્યા સુધી ચાલુ રાખવાનો નિર્ણય કરાયો હતો.

તો બીજી તરફ ગુરૂવારે બપોર બાદ ચાર વાગ્યા પછી પણ મોટાભાગના બજારો ચાલુ રહેવા પામ્યા હતા જોકે બજારમાં ગ્રામ્ય તથા શહેરી વિસ્તારમાંથી ગ્રાહકો આવ્યા ન હોવા છતા વેપારીઓ ગ્રાહકોની રાહ જોઈને બેસી રહ્યા હોય તેવો માહોલ સર્જાયો હતો. ત્યારબાદ પાંચ વાગે મોટાભાગના વેપારીઓએ પોતાના ધંધા રોજગાર બંધ કરવાનો નિર્ણય લેતા બજારો સુમસામ બનવા માંડ્યા હતા. રોડ પર અવર જવર ઓછી થઈ હતી.

જાણકારોના મત મુજબ જો શહેરવાસીઓ અને આમ પ્રજા કોરોનાની ગંભીરતાને નહી સમજે તો કદાચ અનેક લોકોને સંક્રમણને કારણે જીંદગીથી હાથ ધોવાનો વખત આવે તો નવાઈ નહી તેમ છતા પ્રજાને જાગૃત કરવા માટે પ્રયાસ તંત્ર અને પોલીસ ધ્વારા કરાઈ રહ્યા છે.